# મુંબઈ બ્લાસ્ટ આરોપી યાકુબ મેમણને ૩૦મીએ ફાંસી

## સુપ્રીમ કોર્ટે યાકૂબની ક્યુરેટિવ અરજીને ફગાવી દીધી : નાગપુરની જેલમાં ફાંસી આપવા માટેનો તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા.૨૧

મુંબઇ બ્લાસ્ટ કેસમાં અપરાધી કુખ્યાત યાકુબ મેમણને હવે ફાંસી થશે. કારણ કે, યાકુબ મેમણની ફાંસીથી બચવા માટેની છેલ્લી અરજી પણ સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે તેના દ્વારા દાખલ કરવામાં આવેલી ક્યુરેટિવ અરજીને આજે ફગાવી દીધી હતી. આની સાથે જ મેમણને હવે ૩૦મી જુલાઇના દિવસે સવારે ફાંસી આપી દેવામાં આવશે. આ હુમલા કેસમાં આતંકવાદ વિરોધી અદાલતે ૧૦૦ લોકોને અપરાધી ઠેરવ્યા હતા. પ્રોફેશનથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રહેલા મેમણ હાલમાં નાગપુર સેન્ટ્રલ જેલમાં છે. મેમણના પરિવારના સભ્યો ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતી જેલમાં સોમવારના દિવસે મળ્યા હતા. યાકુબના સંબંધી ઉસ્માન મેમણ તેમના વકીલની સાથે મળ્યા હતા. બપોરના સેન્ટ્રલ જેલમાં પણ આવ્યા હતા. ૫૩ વર્ષીય મેમણની દયાની અરજીને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આ વર્ષે એપ્રિલ મહિનામાં ફગાવી દીધી હતી જ્યારે તેની બીજી સમીક્ષા અરજી સુપ્રીમ સમક્ષ આવી હતી.





અગાઉ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ કહી ચુક્યા છે કે, મેમણને ફાંસી આપવા અંગે સુપ્રીમ કોર્ટના આદેશને પાળવામાં આવશે. ૨૨ વર્ષ જુના મુંબઇ બ્લાસ્ટ કેસમાં કોઇ આરોપીને પ્રથમ વખત ફાંસી આપી દેવામાં આવનાર છે. મહારાષ્ટ્રની રાજ્ય સરકાર તરફથી યાકુબ મેમણના પરિવારના સભ્યોને ફાંસીની તારીખ અંગે જાણ કરી દેવામાં આવી છે. વર્ષ ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૨૬૦ લોકોના મોત થયા હતા અને ૭૧૩ લોકો ઘાયલ થયા હતા. યાકુબની રિવ્યુ પિટિશન કોર્ટ દ્વારા નવમી એપ્રિલના દિવસે ફગાવી દેવામા આવી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર સરકારે ટાડા કોર્ટ પાસેથી તેને ફાસી આપવાની મંજૂરીની પ્રક્રિયા હાથ ધરી હતી. ટાડા અદાલતે તેને ફાંસી પર લટકાવી દેવા માટે વોરંટ જારી કરી દીધુ હતુ. ૫૩ વર્ષીય યાકુબને ટાડા કોર્ટે ૨૭મી જુલાઇ ૨૦૦૭નાદિવસે અપરાધિક કાવતરાનાં દોષિત ઠેરવીને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારબાદ મુંબઇ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ તેમજ રાષ્ટ્રપતિ સુધી તેનો મામલો પહોંચ્યો હતો. અલબત્ત યાકુબ દ્વારા ક્યુરેટિવ અરજી દાખલ કરવામાં આવી હતી. જેના પર આજે ચુકાદો આપવામાં આવ્યો હતો. આજના સુપ્રીમના નિર્ણયની સાથે જ હવે યાકૂબ મેમણને ફાંસીનો માર્ગ મોકળો થઇ ગયો છે. ૩૦મી જુલાઈના દિવસે તેને હવે ફાંસી આપી દેવામાં આવશે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે પહેલાથી જ યાકુબની ફાંસી પર તારીખ અને સમયને મંજૂરી આપીદીધી છે. કોર્ટ અને નાગપુર જેલ વહીવટીતંત્રને પણ જાણ કરી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ કોઇ પણ અપરાધીને ફાંસી આપતા પહેલા તેના પરિવારને ૧૫ દિવસ પહેલા જાણ કરવામાં આવે છે. યાકુબ મેમણ મામલામાં ચર્ચા વિચારણાનો દોર શરૂ થઈ ગયો છે. આ બ્લાસ્ટ મૂળભૂત રીતે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ઈશારે કરવામાં આવ્યા હતા. આમાં અનેક અપરાધિઓના નામ ખુલ્યા હતા. સમગ્ર મામલાને લઈને લાંબી તપાસ ચાલી હતી. આખરે હવે પ્રથમ અપરાધિને ફાંસી આપવામાં આવનાર છે. ૧૯૯૩ બ્લાસ્ટ કેસમાં આ પ્રથમ ફાંસી થશે.

# મુંબઈમાં ફરીવાર ભારે વરસાદથી જનજીવન ઠપ

મુંબઇ,તા. ૨૧

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભારે વરસાદના કારણે આજે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતું. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી પણ ભરાઇ ગયા હતા. જુદા જુદા વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓને બંધ રાખવામાં આવી હતી. વેસ્ટર્ન રેલવે દ્વારા લોકોને તકલીફ ન પડે તે માટે વધારાની લોકલ ટ્રેનો દોડાવવામાં આવી હતી. પાલઘરમાં ૧૮ ઈંચની આસપાસ વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દક્ષિણ મુંબઈમાં કોલાબા, શાંતાક્રુઝમાં ભારે વરસાદ થયો છે. વેસ્ટર્ન રેલવેની કેટલીક એક્સપ્રેસ ટ્રેનોને રદ કરવામાં આવી હતી. દરમિયાન દક્ષિણ પશ્ચિમ મોનસુન મધ્યપ્રદેશ, કોંકણ અને ગોવા અને અંદામાન અને નિકોબાર દ્વિપ ઉપર કેન્દ્રિત થયું છે. હિમાચલપ્રદેશ, પશ્ચિમ મધ્યપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ થયો છે. હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ માટે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. મુંબઈમાં આજે સવારે લોકો જુદી જુદી જગ્યાએ અટવાઇ ગયા છે. ગઇકાલે મોડી રાત્રે વરસાદ શરૂ થયા બાદ આજે પણ વરસાદ જારી રહ્યો હતો. જાણકાર સુત્રોએ વિગત આપતા કહ્યું છે કે હન્દમાતા, કિંગ સર્કલ, વડાલા, સિઓન, માટુન્ગા, માહિમ અને કુર્લામાં ભારે પાણી ભરાઇ ગયા છે. ઉપનગરીય ટ્રેન સેવાને પણ અસર થઇ છે. જેથી લાખો લોકોને સવારમાં મુશ્કેલી પડી હતી. સેન્ટ્રલ અને વેસ્ટર્ન લાઇન પર ટ્રેન સેવા ખોરવાઇ ગઇ હતી. વેસ્ટર્ન લાઇન પર તમામ ટ્રેનો ૨૦ મિનિટ સુધી મોડે પડી હતી. દરમિયાન થાણે ગ્રામીણ જિલ્લામાં સ્કુલ અને કોલેજોમાં આજે મંગળવારે રજા જાહેર કરવામાં આવી હતી. સેન્ટ્રલ લાઇન પર પણ ટ્રેનો લેટ દોડી હતી. સવારમાં પાણી ભરાઇ જવાના કારણે લોકો અટવાઇ ગયા હતા. દરમિયાન સ્કાય મેટે આગાહી કરતા કહ્યું છે કે ૨૨મી જુલાઇના દિવસથી ભારે વરસાદનો દોર શરૂ થઇ જશે.



## લવ જેહાદ સામે બહુ લાવો બેટી બચાવોની ઝુંબેશ જારી

આગરા,તા.૨૧

ઉત્તરપ્રદેશમાં બજરંગ દળે હવે લવ જેહાદ સામે નવી લડાઈ છેડી દીધી છે. જેના ભાગરુપે બહુલાવો બેટી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. બજરંગ દળના અજ્જુ ચૌહાણે બજરંગ દળના કાર્યકરો સાથે બેઠક યોજી છે અને ગઇકાલે બાળકીઓમાં લવ જેહાદ સાથે સંબંધિત પત્રિકાઓ પણ વહેંચવામાં આવી હતી. ફેબ્રુઆરી મહિનામાં બહુ લાવો બેટી બચાવો અભિયાન ચલાવી ચુકેલા અજ્જુ ચૌહાણે હવે હિન્દુ મહિલાઓ અને બાળકીઓને લવ જેહાદથી બચાવવા તૈયારી કરી લીધી છે. આ અગાઉ ડિસેમ્બર મહિનામાં ઘર વાપસી કાર્યક્રમને લઈને પણ બજરંગ દળ અને અજ્જુ ચૌહાણ ચર્ચામાં રહ્યા હતા. સોમવારના દિવસે બજરંગ દળના કાર્યકરોએ અજ્જુ ચૌહાણના નેતૃત્વમાં આગરાની સ્કૂલોની બહાર વિદ્યાર્થીનીઓને લવ જેહાદ સાથે સંબંધિત પત્રો વહેંચ્યા હતા. આ પત્રિકાઓમાં મુસ્લિમ યુવકોની જાળમાં ન ફસાવવાની સલાહ આપવામાં આવી હતી.

# સંસદના મોનસુન સત્રની તોફાની શરૂઆત

નવી દિલ્હી,તા. ૨૧

સંસદનુ મોનસુન સત્રની ધારણા પ્રમાણે જ તોફાની શરૂઆત થઇ હતી. પ્રથમ દિવસે જ રાજ્યસભામાં વિરોધ પક્ષ દ્વારા ભારે ધાંધલ મચાવવામાં આવી હતી. જેના કારણે રાજ્યસભાની કાર્યવાહીને વારંવાર મોકૂફ રાખવાની ફરજ પડી હતી. બીજી બાજુ લોકસભાની કાર્યવાહીને સ્વર્ગસ્થ સભ્યોની શ્રદ્ધાંજલિ આપ્યા બાદ મોકૂફ કરી દેવામાં આવી હતી. લોકસભામાં આવતીકાલથી ધાંધલ ધમાલનો દોર શરૂ થાય તેવી શક્યતા છે. નાણામંત્રી અરુણ જેટલીએ કોંગ્રેસના નેતા આનંદ શર્માના આક્ષેપોનો જવાબ આપતા કહ્યું હતું કે, સરકાર લલિત ગેટ વિવાદ ઉપર ચર્ચા કરવા માટે તૈયાર છે. રાજ્ય સભાના સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ એનડીએ સરકાર અને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજની આઈપીએલના પૂર્વ વડા લલિત મોદીને પ્રવાસ દસ્તાવેજો મેળવવા મદદ કરવા બદલ જોરદાર ઝાટકણી કાઢી હતી. આનંદ શર્માએ લલિત મોદીને ભારતમાં પરત લાવવા અને તેની સામે ભારતમાં ખટલો ચલાવવાની માંગ કરી હતી. આજે સંસદનું મોનસુન સત્ર શરૂ થયું હતું. રાજ્યસભા અને લોકસભામાં રાષ્ટ્રીય ધુન વગાડીની આની શરૂઆત કરવામાં આવી હતી. સંસદના મોનસુન સત્રની શરૂઆતના મિનિટો પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર



મોદી અને ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા હતા. મોદીએ ભાજપ નેતાઓ સાથે પણ વાતચીત કરી હતી. રાજ્યસભામાં પ્રથમ દિવસે ધાંધલ ધમાલ થઇ હતી. જેથી કાર્યવાહીને બપોર સુધી મોકુફ કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતા આનંદ શર્માના આક્ષેપોને જવાબ આપતા નાણાંપ્રધાન અરૂણ જેટલીએ કહ્યું હતું કે સરકાર લલિત મોદીના મામલે પણ ચર્ચા કરવા માટે તૈયાર છે. કોંગ્રેસે લલિત મોદી મામલો ઉઠાવ્યો હતો. આ સત્ર આ વખતે ખુબ તોફાની રહે તેવી શક્યતા છે. જીએસટી અને જમીન અધિગ્રહણ બિલ સહિત ચાવીરુપ મુદ્દા છવાયતેવી શક્યતા પણ દેખાઈ રહી છે. જો કે, એવા સંકેત પણ મળ્યા છે કે, સર્વસંમતિ નહીં સધાવાના કારણે જમીન અધિગ્રહણ બિલ રજૂ કરાશે નહી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે જમીન બિલના મુદ્દા ઉપર આગળ વધવા વિરોધ પક્ષોને અપીલ કરી હતી. સર્વપક્ષીય બેઠકમાં મોદીએ કહ્યું હતું કે, અમને આગળ વધવાની જરૂર છે. સરકાર તમામ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. સર્વપક્ષીય મિટિંગમાં તેમણે કહ્યું હતું કે, સંસદ ખુબ જ મહત્વપૂર્ણ સ્થળ છે તેમાં તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા થવી જોઇએ. સરકાર ચર્ચા કરવાથી પીછેહઠ કરશે નહીં. જમીન બિલ ઉપર પણ અમને આગળ વધવાની જરૂર છે. મોનસુન સત્ર દરમિયાન કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો વ્યાપમ કૌભાંડ અને લલિત મોદી વિવાદ સહિતના પ્રશ્નોને ઉઠાવીને ભારે હોબાળો મચાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુષ્મા સ્વરાજ અને સ્મૃતિ ઈરાની જેવા કેન્દ્રીય પ્રધાનોની હકાલપટ્ટીની માંગ કરવા ઉપરાંત વિરોધ પક્ષોએ સંકેત આપ્યો છે કે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહને આવરી લેતા વિવાદોને લઇને તેમના રાજીનામાની માંગ કરશે. છેલ્લી લોકસભામાં સમગ્ર સેશન ટુજી કૌભાંડમાં સંયુક્ત સંસદીય સમિતિ માટેની વિપક્ષની માંગણીને લઈને ખોરવાઈ ગયું હતું. ભાજપના નેતૃત્વમાં એનડીએ લોકસભામાં બહુમતિ ધરાવે છે પરંતુ રાજ્ય સભામાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે છે.

**બેંગ્લોર, ચેન્નાઈ, ધર્મશાળા, મોહાલીમાં મેચો રમાશે**

# ટ્વેન્ટી-૨૦ કપની મેચોના સ્થળની જાહેરાત થઈ ગઈ

નવીદિલ્હી,તા. ૨૧

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આઈસીસી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ ૨૦૧૬ વર્લ્ડકપ માટેની મેચોના સ્થળની જાહેરાત કરી હતી. વેબસાઈટ ઉપર અખબારી યાદી મારફતે સ્થળોની જાહેરાત કરવામાં આવી હતી. માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર પણ આની જાહેરાત કરવામાં આવી હતી. બેંગ્લોર, ચેન્નાઈ, ધર્મશાળા, મોહાલી, મુંબઈ, નાગપુર અને નવી દિલ્હીમાં મેચો રમાશે. કોલકાતામાં ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રમાશે. અનુરાગ ઠાકુરે આજે આ મુજબની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ બાબત જાહેર કરતા તેમને ખુશી થઈ રહી છે કે, બીસીસીઆઈને આ પ્રતિષ્ઠાજનક સ્પર્ધા યોજવાની તક મળી છે. જે સ્થળો પર મેચો રમાનાર છે તે તમામ સ્થળો ઉપર અગાઉ મોટી મેચો રમાઈ ચુકી છે. આ જાહેરાતની સાથે જ તૈયારી શરૂ થઈ ચુકી છે. વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ સ્પર્ધા યાદગાર બને તે માટે તમામ પ્રયાસ કરવામાં આવશે. બીસીસીઆઈ દ્વારા આઈસીસી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ માટે મેનેજિંગ કમિટિની રચના કરવામાં આવી ચુકી છે. જગમોહન દાલમિયા આ કમિટિના ચેરમેન તરીકે રહેશે. કમિટિમાં જે સભ્યો રહેશે તેમાં અનુરાગ ઠાકુર, અમિતાભ ચૌધરી, અનિરુદ્ધ ચૌધરી, જી ગંગારાજુ, રાજીવ શુકલા, આશીષ સેલાર, આશીર્વાદ બહેરાનો સમાવેશ થાય છે. ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ આગામી વર્ષે ૧૧મી માર્ચથી શરૂ થશે અને ત્રીજી એપ્રિલ સુધી આની મેચો ચાલશે. બીસીસીઆઈ દ્વારા કાર્યક્રમની વિધિવત જાહેરાત કરી દેવામાં આવી છે. માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર જણાવવામાં આવ્યું છે કે, ઈડન ગાર્ડન પર ઐતિહાસિક ફાઈનલ મેચ રમાશે. તૈયારીને લઈને કોઈ કચાસ રાખવામાં આવશે નહીં.

**સુપ્રીમ કોર્ટ સુનાવણી ચલાવવા સહમત**

# સલમાનને જામીનને પડકારતી અરજી પર હવે સુનાવણી થશે

નવી દિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં અભિનેતા સલમાન ખાનને આપવામાં આવેલી જામીનને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરવા તૈયારી દર્શાવી છે. મુંબઈ હાઈકોર્ટે અગાઉ



૧૩મી જુલાઈ સુધી સુનાવણીને મોકૂફ કરી દીધી હતી. મુંબઈ હાઈકોર્ટે અગાઉ સલમાન ખાનને રાહત આપી દીધી હતી. નિચલી અદાલત દ્વારા સલમાનને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ક્રિમિનલ કોર્ટે સલમાન ખાનને અપરાધી ઠેરવ્યો હતો. વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન મામલામાં સલમાન ખાનને અગાઉ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. જો કે, ૮મી મેના દિવસે બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને મોટી રાહત મળી ગઈ હતી.

મુંબઈ હાઈકોર્ટે વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં તેને ફટકારવામાં આવેલી પાંચ વર્ષની સજાને સસ્પેન્ડ કરી હતી. સાથે સાથે બોલીવુડ સુપર સ્ટારને જામીન પણ આપી દીધા હતા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સલમાનની ગાડીની ટક્કરથી એકનું મોત થયું હતું. આમા અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવુડના સૌથી મોટા સ્ટાર તરીકે સલમાનને ગણવામાં આવે છે. તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી રહી છે. તેના નામ પરથી ફિલ્મો સુપર હિટ થઈ રહી છે.સલમાનની આવનારી ફિલ્મોમા પ્રેમ રતન ધન પાયોનો સમાવેશ થાય છે. સલમાન ખાનને મુંબઈ હાઈકોર્ટ તરફથી રાહત મળી ગઈ હતી પરંતુ સુપ્રીમ કોર્ટમાં આ મામલો આગળ વધનાર છે જેથી સલમાનની તકલીફ ઓછી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી.

## અમરનાથ યાત્રા : વધુ બે યાત્રીઓના અટેકથી મોત

શ્રીનગર,તા.૨૧

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં સ્થિત અમરનાથ ગુફામાં પવિત્ર શિવલિંગના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓનો જોરદાર ધસારો જોવા મળી રહ્યો છે. બીજા બાજુ શ્રદ્ધાળુઓના મોતના કેસ પણ હવે વધી રહ્યા છે. વધુ બે શ્રદ્ધાળુઓના મોત સાથે મોતનો આંકડો વધીને ૨૫ ઉપર પહોંચી ગયો છે. પટણાના નિવાસી પ્રદીપકુમારને ગઈકાલે હાર્ટએટેકથી મોત થયું હતું. તેઓ ૬૪ વર્ષના હતા. પંજકારની કેમ્પ ખાતે એટેકથી તેમનું મોત થયું હતું જ્યારે ૬૯ વર્ષીય અન્ય શ્રદ્ધાળુ સતીન્દર પ્રસાદ સિંહનું પણ એટેકના કારણે પહેલગામ ખાતે મોત થયું હતું. મૃતકોમાં એક સીઆરપીએફના જવાનનો પણ સમાવેશ થાય છે. બે દિવસ પહેલા જ ૩૮૮૦ મીટરની ઉંચાઈ પર સ્થિત ગુફામાં શિવલિંગના દર્શન કરવાના માર્ગ ઉપર વધુ ચાર શ્રદ્ધાળુઓના મોત થયા હતા. અધિકારીઓએ આ મુજબની માહિતી આપતી હતી. બંને માર્ગ ઉપર નવેસરના મોતની સાથે જ મોતનો આંકડો વધીને હવે ૨૩ ઉપર પહોંચી ગયો છે. આ યાત્રા બીજી જુલાઈના દિવસે શરૂ કરવામાં આવી હતી અને હવે રક્ષાબંધન સુધી ચાલનાર છે.

# વડાપ્રધાન મોદી ૨૮મીએ ફરીવાર મનકી બાત કરશે

નવી દિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી જુલાઇના દિવસે સવારે ૧૧ વાગે ફરી એકવાર લોકો સાથે મન કી બાત કરનાર છે. આજે સવારે તેમના પર્સનલ ટ્વિટર એકાઉન્ટ પર આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ૨૬મી જુલાઇ સુધી તેમના અભિપ્રાય અને સુચન મોકલવા માટે મોદીએ તમામ લોકોને અપીલ કરી છે. મોદી ફરી એકવાર મનકી બાતમાં લોકો સાથે વાતચીત કરનાર છે. આ વખતે વિષય શુ રહેશે તેને લઇને હજુ સુધી કોઇ માહિતી મળી શકી નથી. પરંતુ મોદી મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. મોદી મન કી બાત કાર્યક્રમમાં ફરી લોકો સાથે વાતચીત કરનાર છે. આના માટે વિચારો આમંત્રિત કરવામાં આવી ચુક્યા છે. મોદી તેમના લોકપ્રિય કાર્યક્રમ મારફતે અગાઉ પણ લોકો સાથે સંપર્કમાં રહ્યા છે. છેલ્લી મન કી બાત કાર્યક્રમમાં મોદીએ ૨૮મી જુનના દિવસે યોગની વોત કરી હતી. સાથે બાળકીઓના શિક્ષણની વાત કરી હતી. તે પહેલા જવાનોના વન રેન્ક વન પેન્શન અને ખેડુતો તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્ને વાત કરી હતી. હવે નવા કાર્યક્રમને લઇને મોદી ઉત્સુક દેખાઇ રહ્યા છે.મન કી બાત કાર્યક્રમમાં મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે તેમની સરકાર ભારતીય સેનાના પૂર્વ જવાનો માટે વન રેન્ક વન પેન્શન સ્કીમને અમલી કરવા માટે કટિબદ્ધ છે પરંતુ તેને લઇને રહેલી જટિલતાને દુર કરવા માટે થોડાક સમયની જરૂર છે. મોદીએ છેલ્લે પોતાના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં લોકોની સાથે જોડાયેલા તમામ વિષયો પર વાત કરી હતી. મોદી તેમના લોકપ્રિય કાર્યક્રમમાં હજુ સુધી તમામ વિષય પર વાત કરી ચુક્યા છે. જેમાં ખેડુતોની સમસ્યા, જમીન અધિગ્રહણ અને અન્ય બાબતોનો સમાવેશ થાય છે. તેમની વાત દેશના લોકો સાંભળે છે. મન કી બાત કાર્યક્રમને લઈને હમેંશા ઉત્સાહ રહે છે. ૨૮મી જુલાઈના દિવસે તેમના કાર્યક્રમને લઈને પણ તમામ તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. જેમાં સંબંધિત લોકો વ્યસ્ત છે.



**વિચારોના મધુવનમાં (પાના નં. ૪ નું ચાલુ)**

રોગીને કોઈ જ ફરીયાદ થવા નથી દેતું. પણ જેવું તે ૧/૮મો ભાગ બહાર આવ્યો કે તેની વધવાની ઝડપ બહુ ઝડપી બને છે. ઉપરાંત અવરોધો ભા કરે છે. છેલ્લે કેન્સરના કોષો અન્ય સ્થળે, ‘બીજ ની જેમ ફેલાવે છે. બીજા કોઈ રોગમાં આ શક્તિ નથી. એટલે કેન્સર હોય છે વૃષણનું, ગાંઠ દેખાય છે. ગળામાં, કેન્સર હોય છે, જીભના મૂળમાં અને ગળાની પડખે ગાંઠ દેખાય છે. કેન્સર ફેફસામાં હોય, પાંસળીમાં તેની બીજી ગાંઠો થાય છે. બીજોને કેન્સર સેલને લઈ જાય છે લીમ્ફલસિકા અને લોહી.

આયુર્વેદમાં સામાન્ય ગાંઠ મોટી થાય, મટાડવી મુશ્કેલ બને ત્યારે તે અર્બુદ કહેવાય છે. એટલું જ નહીં શરીરના કોઈપણ ભાગમાં તે થઈ શકે છે. આયુર્વેદમાં બતાવેલ કારણોથી ત્રણે દોષો વાયુ, પિત્ત અને કફનો પ્રકોપ થાય છે. આ દોષો માંસ અને લોહીને ખરાબ કરીને જે ન મટે તેવી ગાંઠ કરે છે. તેને અર્બુદ કહે છે. ટૂંકમાં આયુર્વેદમાં કેન્સર કોને કહેવાય અર્બુદ કોને કહેવાય તેનૌ સ્પષ્ટ વ્યાખ્યા હતી. એવી સાત આયુર્વેદિક અસર ઉપજાવી કેન્સરને આવજો કહી દેવાની શક્તિ ધરાવે છે. એમાં લસણ, આદુ, પીળા ફૂલની વનસ્પતિ **(Celandine)**, એલોવેરા, લીલી ચા, હળદર અને અશ્વગંધાનો સમાવેશ થાય છે.

હવામાં રહેલા સબસ્ટન્સ તરીકે ઓળખાતાં હવાના પ્રદૂષણના તત્વો માનવજાત અને પર્યાવરણ બંનેને નુકસાન કરે છે. પ્રદૂષકો ઘન તત્વો, પ્રવાહી અથવા વાયુ સ્વરુપમાં હોય છે. તે ઉપરાંત તે કુદરતી અથવા માનવસર્જિત હોઈ શકે. પ્રદૂષકોને પ્રાથમિક અથવા સેકન્ડરી એમ બે રીતે વર્ગીકૃત કરી શકાય. સામાન્ય રીતે પ્રાથમિક પ્રદુષકો એવા નક્કર પદાર્થો છે જે વિવિધ પ્રક્રિયામાંથી બહાર ફેંકાય છે જેમાં જવાળામુખીના પ્રસ્ફોટન વખતે બહાર નીકળી રાખ, વાહનોમાંથી બહાર ફેંકાતા કાર્બન મોનોક્સાઈડ **(Carbon monoxide)** વાયુ અને ફેક્ટરીઓમાંથી બહાર ફેંકાતા સલ્ફર ડાયોક્સાઇડ જેવી પ્રક્રિયાનો સમાવેસ થાય છે. માધ્યમિક પ્રદુષકો સીધા બહાર ફેંકાતા નથી.ઉલટાનું જયારે પ્રાથમિક પ્રદુષકો કોઇ પ્રતિક્રિયા કે પરસ્પર પ્રતિભાવ આપે ત્યારે જ તેઓની હવામાં રચના થાય છે.માધ્યમિક પ્રદુષકોનું અત્યંત મહત્વનું ઉદાહરણ મેદાન સ્તરના ઓઝોનનું છે ઘણા માધ્યમિક પ્રદુષકો ફોટોકેમિકલ ધુમ્મસની રચના કરે છે.

હાર્વર્ડ સ્કુલ ઓફ પબ્લિક હેલ્થના એન્વાયર્મેન્ટલ સાયન્સ એન્જિનિયરિંગના પ્રોગ્રામ મુજબ અમેરિકામાં થતાં કુલ મૃત્યુ પૈકીના ચાર ટકા મોત ફક્ત વાયુ પ્રદુષના કારણે થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે કે દર વર્ષે ૨૪ લાખ લોકો વાયુ પ્રદુષને સીધા જવાબદાર હોય એવા કારણોસર મોતને ભેટે છે, જે પૈકીના ૧૫ લાખ લોકો તો અંદરના વાયુ પ્રદુષણના કારણે મૃત્યું પામે છે. એપિડેમિઓલોજીકલ અભ્યાસમાં એવું તારણ કાઢવામાં આવ્યું છે કે દર વર્ષે ૫૦૦,૦૦૦ અમેરિકનો વાયુ પ્રદુષણના રજકણો શ્વાસમાં લેવા સાથે સંકળાયેલા ફેફસાંના રોગને કારણે મોતને ભેટે છે.યુનિવર્સિટી ઓફ બર્મિંઘહામ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં ન્યુમોનિયા સંબંધી રોગ અને વાહનોના પ્રદુષણથી થતાં મૃત્યું વચ્ચે ગાઢ સંબંધ હોવાનું દર્શાવવામાં આવ્યું છે. વિશ્વભરમાં વાહનોના અકસ્માતથી જેટલાં મૃત્યું થાય છે તેની તુલનાએ વાયુ પ્રદુષણથી વધુ મૃત્યું નોંધાય છે. ૨૦૦૫ની સાલના પ્રકાશનોમાં કહેવામાં આવ્યું હતું કે વાયુ પ્રદુષણના કારણે વાર્ષિક ૩૧૦,૦૦૦ યુરોપિયનોના મૃત્યું થયાં હતા. વાયુ પ્રદુષણ સંબંધી મૃત્યુના સીધા કારણોમાં વકરી ગયેલો અસ્થમા, શ્વાસનળીનો સોજો, માંસપેશીઓનો સોજો, ફેફસાં અને હૃદયને લગતાં રોગો અને શ્વસનતંત્રમાં એલર્જી જેવા રોગોનો સમાવેશ થાય છે.

હવાની અવરજવર માટેના વેન્ટિલેશનના અભાવે એવી જગ્યાએ હવાના પ્રદુષકો એકઠાં થાય છે જયાં લોકો પોતાનો મોટાભાગનો સમય પસાર કરતા હોય છે.કેન્સર માટે જવાબદાર એવા કાર્સિનોજીન તરીકે ઓળખાતો કિરણોત્સર્ગ વાયુ કેટલાંક સ્થળોએથી પૃથ્વીમાં બહાર ફેંકાય છે અને ઘરોમાં ભરાઈ જાય છે. કારપેટીંગ અને પ્લાયવુડ સહિતનું બિલ્ડીંગ મટિરિયલસ ગેસના દ્રાવણ **($H_2CO$)** જેવો વાયુ છૂટો પાડે છે.રંગ અને સોલવન્ટ જેવા સૂકાય છે કે તરત જ અત્યંત તીવ્ર ઓર્ગેનિક મિશ્રણ **Lead** છૂટું પાડે છે.સીસું **(VOC)** અને રંગ ધૂળ **(dust)** સ્વરુપમાં ફેરવાઈ શકે છે અને શ્વાસમાં પણ જઈ શકે છે.ઈરાદાપૂર્વકનું પ્રદુષણ એર ફ્રેશનર, ધૂપ અને અન્ય સુગંધ ધરાવતી ચીજવસ્તુઓના ઉપયોગથી થાય છે.ચૂલાનો અને ફાયરપ્લેસનો અગ્નિ અંદર અને બહાર મોટી માત્રામાં ધૂમાડાની રજકણો ફેલાવી શકે છે.યોગ્ય વેન્ટિલેશન વિનાના ઘરોમાં કેમિકલ સ્પ્રે અથવા તો જંતુનાશક દવાઓ **(pesticide)** નો ઉપયોગ કરવામાં આવે તો અંદરના ભાગે પ્રદુષણથી નુકસાન થાય છે.

**Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)**

કૉલેજ કેન્ટીનનો યુવક પોતાના મિત્રના ગિટાર પ્લેઇંગ પર ફઇદા થઇ એન્જોય કરતાં દેખાય છે... ઓફિસ બોર્ડરુમમાં રહેલી એ મહિલા હવે એકલી નથી તો એની આજુબાજુમાં બધાં સહકર્મચારીઓ દેખાય છે. એ હવે બધાં સાથે હસીને વાતો કરતી દેખાય છે...

કારમાં જઇ રહેલી લેડી પોતાના પરિવારના સભ્યો સાથે હવે બારીમાંથી આકાશમાં દેખાઇ રહેલું ઈન્દ્રધનુષ બધાને બતાવી રહી છે. સાત રંગોની વાત કરતાં બધાં પરિવારજનો હિપ.. હિપ.. હુરરે... બોલાવે છે...

છત્રીમાં એકલી દેખાતી છોકરી હવે એની મમ્મી સાથે દેખાય છે. મમ્મીના હાથમાં છત્રી છે અને એ એક હાથ બહાર કાઢી વરસાદનાં ટીપાંને હથેળીમાં લઇ રહી છે. એણે પોતાનું દફતર પણ હવે પોતાની પીઠ પાછળ લટકાવી દીધું છે.

બીચ પર ચાલતો પેલો યુવાન પાછું ફરી એની ગર્લફ્રેન્ડ સામ જુએ છે. અને દોડીને આવીને ભેટી પડે છે, અને એને કંપની આપતાં દરિયાની ભીની રેતી પર બંનેના નામ લખી આનંદ મનાવે છે...

મોબાઇલની ફેન્ટસીમાંથી જાગીને સૌ પોતપોતાના પ્રિય પાત્ર- પરિવાર તરફ પાછા વળે છે. **Use Your Phone as naccesary** એવા સંદેશા સાથે વીડિયો સંપૂર્ણ થાય છે...

વાત વીડિયોમાં બતાવી છે પણ આપણાં સૌના રોજબરોજની ઘટનાને તદન વાસ્તવિક રજૂ કરી આપણને આપણાં એડિકશનનું ભાન કરાવે છે. ઘરમાં વાઇ-ફાઇ છે, સૌના સ્માર્ટ ફોન એમાં કનેકટેટ છે. સૌ ચેટિંગમાં, વીડીયો ગેમ, કેન્ડી ક્રેશમાં મગ્ન છે. ઘરમાં હોવા છતાં અંતર વધતું જાય છે...

ઘરમાં આવેલા મહેમાન વાત કરે છે, અને યજમાનને વોટ્સએપના ટોનમાં કોણ આવીને પડ્યું? ની ચિંતા સતાવે છે. બોર્ડરુમમાં મિટિંગ ચાલે છે અને એક બે અધિકારીની આંખો મોબાઇલના સ્ક્રિન પર વારેઘડિયે લટાર મારી આવે છે... થિયેટરમાં મસ્ત મુવી ચાલે છે અને ગીત આવતાં કેટલાંય પ્રેક્ષકો મોબાઇલ ચેક કરે છે...

ઘર-પરિવાર-કૉલેજ કેમ્પસ - બસ સ્ટેન્ડ - એરપોર્ટ-કોઇ સમારંભ કે મહેફિલ જો ત્રણ કલાક ફોનને અડ્યા વગર બેસી શકે એ જ ખરો સાધુ જાણવો, એવી પરિસ્થિતિ છે.

રેલવે સ્ટેશન બેઠાં હોવ અને સમાર્ટ ફોનની સંગત હોય તો કદાચ સમય તો સરસ પસાર થાય પણ કદાચ બેધ્યાન રહીએ તો ટ્રેન પણ પસાર થાય એવું બને... મિટિંગમાં ગાફેલ રહો તો કામમાં ગરબડ થઇ જાય એવુંય બને... રસોઇમાં કુકર બે સિટી વધારે વગાડી દે તો બળેલી ફલેવરની ખિચડી ખાવાં મળે એવુંય બને... આપણે મોબાઇલમાં મચેલાં રહીએ તો મહેમાન કે મિત્ર નારાજ થઇને ચાલ્યાં જાય એવું ય બને... કુછ ભી હો સકતા હૈ, ઓનલાઇન રહેવામાં, રિઅલ લાઇફ ઓફ લાઇનથી બચવાં કંટ્રોલ જરુરી હૈ...

**ચૂંટલો :**

સ્માર્ટ ફોન અને સોશિયલ મીડિયા એક ટૂલ તરીકે તો અદ્‌ભૂત છે. એકાદી વાત - ઘટના - પ્રસંગ - બર્થ ડે - માહિતી એક જ ક્લિકમાં હાજર થઇ જાય છે... પણ સતત ટચ-સ્ક્રીન પર ટચ રહીએ અને આજુબાજુની રિઅલ લાઇફ અને સંબધો અનટચ ન થાય એટલું જરા ચેક કરી લેવું.